# શેઠ ડી. એમ. પોલિટેકનિક ઇન હોર્ટિકલ્ચર, વડોદરા ખાતે કૃષિ યુનિવર્સિટીઓમાં ધોરણ ૧૦ અને ૧૨ પછી શિક્ષણ અને કારકિર્દી અંગે જાગૃતિ કાર્યક્રમ માટેનો સેમિનારનું આયોજન

વડોદરા જીલ્લામાં આણંદ કૃષિ કૃષિ યુનિવર્સિટીના શેઠ ડી. એમ. પોલિટેકનિક ઇન હોર્ટિકલ્ચર, મોડલ ફાર્મ, વડોદરા ખાતે તારીખ ૦૪-૦૫-૨૦૨૫ રવિવારના રોજ ધોરણ ૧૦ અને ૧૨ પછી ગુજરાત રાજ્યમાં આવેલ કૃષિ યુનિવર્સિટીઓ ખાતે ચાલતા કૃષિ સંબંધિત વિવિધ અભ્યાસક્રમો તેમજ કારકિર્દીની તકો અંગેનો વિશિષ્ટ ક્રયક્રમનું આયોજન શેઠ ડી. એમ. પોલિટેકનિક ઇન હોર્ટિકલ્ચરના કર્મચારીઓના સહયોગથી કરવામાં આવેલ.

કાર્યક્રમમાં અત્રેની કોલેજના મદદનીશ પ્રાધ્યાપક ડૉ. વી. કે. પટેલ તથા ડૉ. આર. જે. મકવાણા દ્વારા કૃષિક્ષેત્રે ઉપલબ્ધ તકનીકી તેમજ અન્ય અભ્યાસક્રમો અંગે વિગતવાર માહિતી આપવામાં આવી હતી સદર કાર્યક્રમમાં ધોરણ-૧૦ પછી થતાં ડિપ્લોમા અભ્યાસક્રમો અને ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહ પછી થતાં સ્નાતક અભ્યાસક્રમોમાં પ્રવેશ, અભ્યાસ પદ્ધતિ, ઉપલબ્ધ સવલતો, ફીનું માળખું તેમજ અભ્યાસ બાદ રોજગારીની વિવિધ તકો પર પ્રકાશ પાડવામાં આવ્યો હતો.

આ સેમિનારના કાર્યક્રમમાં સ્નાતક તથા ડિપ્લોમા કક્ષાએ ચાલતી વિવિધ પ્રવૃત્તિઓની વિડીયોક્લિપનું પ્રદર્શન અને અભ્યાસક્રમોની માહિતી આપતું સાહિત્ય પણ વિતરણ કરવામાં આવ્યું હતું.

સદર કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ કૃષિ ક્ષેત્રે શિક્ષણ તેમજ રોજગારીની સંભાવનાઓ વિષે જાગૃતિ લાવવાનો હતો. જેમાં વડોદરા જિલ્લા માંથી ૧૨૬ જેટલા વિદ્યાર્થીઓ અને વાલીઓ ઉપસ્થિત રહ્યા હતા.







